ક્રમાંક : હિસાબી–૨/ વહીવટી સેમિનાર/ ૨૦૧૮–૧૯/ ૮૦૧૮૭

૮૦૧૮૭

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જીલ્લો,પાલનપુર
તારીખઃ–૧૦/૧૨/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
બનાસકાંઠા .જીલ્લો.

વિષયઃ–વહીવટી સંવર્ગના વર્ગ–૩ અને ૪ નું અંબાજી મુકામે વહીવટી વકશોપ સેમિનાર યોજવા પરવાનગી આપવા બાબત.

સંદર્ભઃ–૧.બનાસકાંઠા જિલ્લા માધ્યમિક અને ઉ.માધ્ય. શાળા વહીવટી કર્મચારી સંઘનો પત્રનં. ૦૫/૨૦૧૮–૧૯, તા.૨૬/૧૧/૨૦૧૮

૨.બનાસકાંઠા જિલ્લા માધ્યમિક અને ઉ.માધ્ય. શાળા વહીવટી કર્મચારી સંઘનો પત્રનં. ૦૭/૨૦૧૮–૧૯, તા.૭/૧૨/૨૦૧૮

૩.બનાસકાંઠા જિલ્લા માધ્યમિક અને ઉ.માધ્ય. શાળા વહીવટી કર્મચારી સંઘનો પત્રનં. ૦૮/૨૦૧૮–૧૯, તા.૧૦/૧૨/૨૦૧૮

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્ર–૧ થી બનાસકાંઠા જિલ્લામાં આવેલ બીન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ગ–૩ અને ૪ ના કર્મચારીઓનો વહીવટી સેમિનાર અંબાજી મુકામે યોજવા પરવાનગી માગતાં નીચે જણાવેલ શરતોને આધીન રહી તા. ૫ , ૬ જાન્યુઆરી–૨૦૧૯ ના રોજ મોદી ભુવન, ફુવારા સામે, અંબાજી, તા.દાંતા મુકામે આ વહીવટી વર્કશોપ સેમિનાર યોજવા મંજુરી આપવામાં આવેલ પરંતુ તા.૬/૧/૨૦૧૯ ના રોજ લોકરક્ષક દળની પરીક્ષાની તારીખ જાહેર થતાં સંદર્ભપત્ર–૨ થી તારીખોમાં ફેરફાર કરતાં તા.૧૨, ૧૩ જાન્યુઆરી–૨૦૧૯ ના રોજ વહીવટી વર્કશોપ સેમિનાર યોજવા માટે મંજુરી આપવામાં આવેલ. પરંતુ સંદર્ભપત્ર–૩ થી તા.૧૨, ૧૩ જાન્યુઆરી–૨૦૧૯ ની જગ્યાએ વર્કશોપ સેમિનારની **તા.૧૧,૧૨ જાન્યુઆરી–૨૦૧૯** કરવાની મંજુરી આપવામાં આવે છે.

૧: સદરહુ સેમિનારમાં વહીવટી બાબતો ઉપર ગહન ચર્ચા વિચારણા કરવાની રહેશે.

૨: સેમિનારમાં સમયસર નક્કી કરેલા સમયમાં પૂર્ણ સમયની હાજરી આપવી ફરજીયાત રહેશે.

૩: સમય મર્યાદામાં ન આવનાર કર્મચારી પ્રવેશ પાત્ર રહેશે નહીં.

૪: સદરહુ સેમિનારમાં હાજર રહેનાર જેતે શાળાના વહીવટી કર્મચારીને પરિષદ માટેની લવાજમ ફી રૂા.૬૦૦/– અંકે રૂપિયા છસ્સો પુરા સરકારશ્રીના શિ.વિ.ના ઠરાવ તા.૨/૭/૯૯ ના પરિશિષ્ટ–૨ ની આઈટમ–૩૫ હેઠળ ગ્રાન્ટના હેતુ માટે ગ્રાહય રાખવાપાત્ર રહેશે. તથા આ અધિવેશનમાં હાજરી આપતા કર્મચારીના પ્રવાસ ભથ્થા અને દૈનિક ભથ્થાનો ખર્ચ ઉપરોક્ત ઠરાવની જોગવાઈ અનુસાર ગ્રાન્ટને પાત્ર રાખવાપાત્ર થશે.

૫: દરેક શાળાના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, સદરહુ સેમિનારમાં આપની શાળાના કલાર્ક તેમજ સેવક સ્ટાફ અચુક હાજર રહે તે માટે તેઓને લેખિત સૂચના આપવી.

૬: વહીવટી સંઘના હોદ્દેદારશ્રીઓ તા.૧૦/૧/૨૦૧૯ ના રોજ અધિવેશનના સ્થળે વ્યવસ્થા માટે અગાઉથી હાજર રહી શકશે.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા,પાલનપુર

નકલ રવાના જાણ સારૂઃ–

(૧) શ્રી કરશનભાઈ જે.વાઘેલા, પ્રમુખશ્રી, બનાસકાંઠા જિલ્લા માધ્ય.શાળા વહીવટી કર્મચારી સંઘ C/O શ્રીમતી રાજીબા કે.પટેલ ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય, પાલનપુર.

Scanned by CamScanner